# નવસારી કૃષિ યુનિવર્સિટી કર્મચારી બચત અને ધિરાણ સહકારી મંડળી લિ.,નવસારી.

(નોંધણીનં . સા. ૩૨૬૬૬ તા. ૨૯–૧૧–૨૦૦૧)

જુલાઈ–૨૦૨૫ થી માસિક ફરજીયાત બચતની રકમમાં વધારો કરી રૂા.૨૦૦૦/– કરવા બાબત..

## :: પરિપત્ર ::

સવિનય સહ જણાવવાનું કે, નવસારી કૃષિ યુનિવર્સિટી ખાતે કાર્યરત કર્મચારી બચત અને ધિરાણ સહકારી મંડળી લિ., નવસારીના સભાસદોની સને.૨૦૨૪–૨૦૨૫ની વાર્ષિક સામાન્ય સભા તા.૦૨/૦૭/૨૦૨૫ને બુધવારના રોજ ન.મ.કૃષિ મહાવિદ્યાલયના હોલ ખાતે મળેલ હતી, સામાન્ય સભા દરમ્યાન સર્વાનુમતે મંડળીના વિકાસ અને સભાસદોને સમયસર ધિરાણ આપી શકાય તે હેતુથી સભાસદોના માસિક પગાર માંથી કપાત કરવામાં આવતી રૂા.૧૫૦૦.૦૦ ની ફરજીયાત બચતની રકમમાં વધારો કરવાનું વિચારણા હેઠળ હતું,

વાર્ષિક સામાન્ય સભામા સર્વાનુમતે ઠરાવ્યાનુંસાર ઉપરોકત ફરજીયાત બચતની રકમમાં રૂા.૫૦૦.૦૦ના વધારા સાથે માહે.જુલાઈ–૨૦૨૫ થી તમામ સભાસદોની ફરજીયાત બચત પેટે રૂા.૨૦૦૦.૦૦ નકકી કરવામાં આવેલ છે.

આથી દરેક ઉપાડ અને ચુકવણા અધિકારીશ્રીઓને વિનંતી સહ જણાવવામાં આવે છે કે, આપના તાબા હેઠળ ફરજ બજાવતા કર્મચારી બચત અને ધિરાણ સહકારી મંડળી લિ., નવસારીના માનવંતા સભાસદોના માહે. જુલાઈ–૨૦૨૫ના પગારથી ફરજીયાત બચત પેટે રૂા.૨૦૦૦/– કપાત કરી મંડળીને જમાં કરાવવા વિનંતી છે.

જા.નં.નકૃયુ/કબધિસમં/ફ.બ. સુધારો ૦૧/૨૦૨૫
નવસારી, તા. ૦૩/૦૭/૨૦૨૪

મંત્રી
**નવસારી કૃષિ યુનિવર્સિટી કર્મચારી બચત અને ધિરાણ સહકારી મંડળી, લિ.,નવસારી.**

**નકલ સવિનય રવાના:.**

(૧) વહીવટી વ હિસાબી અધિકારીશ્રી, નવસારી કૃષિ યુનિવર્સિટી નવસારી તરફ જાણ તથા ઘટતું થવા સારુ.
(૨) તમામ ઉપાડ અને ચુકવણા અધિકારીશ્રી, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી તરફ જાણ તથા ઘટતુ થવા સારૂ.
(૩) ઉપાડ અને ચુકવણા અધિકારીશ્રી, પશુચિકિત્સા અને પશુપાલન મહાવિદ્યાલય, કામધેનું યુનિવર્સિટી,નવસારી તરફ જાણ તથા ઘટતુ થવા સારૂ.
(૪) નવસારી કૃષિ યુનિવર્સિટી કર્મચારી બચત અને ધિરાણ સહકારી મંડળી લિ. નવસારીના તમામ સભાસદો તરફ જાણ સારૂ.(યુનિ. વેબસાઈટ મારફત)
(૫) સહ પ્રાધ્યાપક, રાજય કૃષિ યુનિવર્સિટી પરિષદ, પોડીયમ લેવલ, કૃષિ ભવન, સેકટર–૧૦ એ, ગાંધીનગર–૩૮૨૦૧૦ તરફ જાણ સારુ.
(૬) ઉપાડ અને ચુકવણા અધિકારીશ્રી, ગુજરાત નેચરલ ફાર્મીગ સાયન્સ યુનિવર્સિટી, આણંદ તરફ જાણ તથા ઘટતુ થવા સારૂ.

નવસારી કૃષિ યુનિવર્સિટી કર્મચારી બચત અને ધિરાણ સહકારી મંડળી લિ. નવસારી
નોંધણી નં. સા. ૩૨૬૬૬ ૨૯-૧૧-૨૦૦૧